# સરકાર તલોદ સબ ટ્રેઝરી કચેરીને બંધ કરવાના મુડમાં

## તલોદના રહીશો ટ્રેઝરી કચેરી બંધ કરતા રોષે ભરાયા

તલોદ, તા.૧૬

તલોદના હજારો નિવૃત્ત અને વૃદ્ધ કર્મચારીઓના પગાર ભથ્થાની રકમની ચૂકવણી કરતી તલોદ સબ ટ્રેઝરી કચેરીને સરકાર બંધ કરી દઈ અન્યત્ર ખસેડવાના મુડમાં છે તેવું જાણવા મળતા તાલુકાના રહીશોએ આ મામલે ઉગ્ર રોષ વ્યકત કર્યો છે એ તાલુકામાં સ્થિત ટ્રેઝરી કચેરી અન્ય જગ્યાએ ન ખસેડવા માંગ કરી છે.

સાબરકાંઠા જિલ્લાનું તાલુકા મથક તલોદ સમગ્ર ઉત્તર ગુજરાતનું અગ્રીમ હરોળમાં આવતું વેપારી મથક છે. ઓછામાં ઓછા તોફાનો, લુંટફાટ, ખુન અને કોમી હુલ્લડો અહીં નોંધાવા પામ્યા છે ત્યારે આવા ગામો અને નગરની કદર કરી સેવા સુવિધા ઉપલબ્ધ કરવા રાજય સરકારે આગળ આવવું જોઈએ તેના બદલે રાજય સરકારે તલોદ સાથે હંમેશા જાણે કે ઓરમાયું વર્તન રાખ્યું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. તાજેતરમાં જ આવેલ અહેવાલ મુજબ તલોદ ખાતે આવેલી સબ ટ્રેઝરી કચેરીને સરકાર બંધ કરી દઈ અન્યત્ર ખસેડી દેવાના મુડમાં છે. આમ કરીને ફરી એકવાર તલોદ તાલુકાની પ્રજાનો સરકારે દ્રોહ કરીને 'સુતેલા સિંહને સળી કરવાનો' ખેલ કર્યો હોવાનું જાણવા મળેલ છે. તે તલોદ ખાતેની ટ્રેઝરી કચેરી તાલુકા ભરના સેંકડો નિવૃત્ત અને વૃધ્ધ કર્મચારીઓને મહિને દહાડે પેન્શનની રકમ ચુકવે છે. તાલુકા મથકની તમામ કચેરીઓના પગારભથ્થાની રકમ પણ આ ટ્રેઝરી ચુકવણી કરે છે. વેપારીઓ અને આમ પ્રજાને સમયાંતરે અનિવાર્ય એવા સ્ટેમ્પનું વેચાણ પણ અહીં થાય છે. ત્યારે આવી સુવિધાને એક જ ઝાટકે હણી લેવાનો વિચાર જ સરકારને શા માટે ઉદભવ્યો હશે? તેવો સવાલ તાલુકાના અગ્રણીઓ, વેપારીઓ, પેન્શનરો અને કર્મચારીઓના દિલો દિમાગમાં ઉદભવ્યો છે.

તાલુકા મથક તલોદ ખાતે માર્કેટયાર્ડ કેમ્પસમાં વર્ષોથી આમ પ્રજાને સુવિધા પુરી પાડતી સબ ટ્રેઝરી કચેરી (પેટા તિજોરી કચેરી) ને લાગે છે કે કોઈકની બદનજર લાગી છે. ઉડતી આવેલ વાત મુજબ ગુજરાત રાજયના નાણાં વિભાગે રાજયની કેટલીક પેટા તિજોરી કચેરીઓ બંધ કરવાની પેરવી હાથ ધરી છે. જેમાં નાહકની તલોદ ખાતેની પેટા તિજોરી કચેરીનો પણ સમાવેશ થાય છે. તેને તલોદથી હટાવી પ્રાંતિજ લઈ જવાની વાત વહેતી થઈ છે. આમ થતાં જ પેન્શનરો, વેપારીઓ અને કચેરીઓ તથા કર્ચમારીઓ અને આમ પ્રજામાં પણ ભારે આઘાતની લાગણી ઉદભવી છે. તલોદ તાલુકાની તલોદ ખાતેની છિનવાઈગયેલી એસ.ટી. ડેપોની સુવિધાથી પ્રજા ખફા છે ત્યાં તો સરકારે આ એક બીજો ઘા કરવાનું વિચાર્યું હોઈ તેના ઘેરા પ્રત્યઘાતો પડયા છે. જો રાજય સરકાર આ અંગે યોગ્ય નિર્ણય નહિ કરીને તલોદની ટ્રેઝરી ઓફિસ બંધ કરી દેશે તો પેન્શનરો તથા અન્ય સંગઠનો આક્રમક આંદોલનો કરશે તેમ મનાઈ રહ્યું છે.




(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

# અંબાજીમાં ભક્તોનો વણથંભ્યો પ્રવાહ શરૂ

ઊંઝા, તા. ૧૬

તંત્ર ચૂડામણીમાં થયેલ ૫૧ શક્તિપીઠો પૈકી ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં અરવલ્લીની ગીરીમાળાઓમાં અંબાજી ખાતે આવેલ આદ્યશક્તિ જગતજનની મા અંબાનું પ્રાચિન તીર્થ એક મહત્વનું શક્તિપીઠ છે. આ યાત્રાધામમાં દર માસની પૂનમ ચૈત્રી તથા આસો નવરાત્રિ તેમજ ભાદરવી પૂનમનું વિશેષ મહત્વ રહ્યુંછે. દર વર્ષેભાદરવી પૂનમના રોજ અંબાજીમાં મહાકુંભ અને મોટો મેળો ભરાય છે. આ દિવસ માતાજીના પ્રાગટ્યદિન તરીકે ઉજવાય છે. જેથી આ મેળામાં લાખોની સંખ્યામાં ભક્તો મા ના દર્શન કરવા ઉમટે છે. જેથી આ મેળામાં ભાદરવી પૂનમનો મેળો યોજાયેલ હોઈ અંબાજી જવા માટે ભક્તોનો વણથંભ્યો પ્રવાહ શરૂ થઈ ગયો છે.

રાજયભરમાંથી અને દેશના અન્ય રાજ્યોમાંથી ભક્તજનો જેમાં બાળકો, યુવાનો, યુવતીઓ, મહિલાઓ, પુરૂષો, વૃદ્ધો સૌ કોઈ આરાસુરી અંબા માના દર્શન કાજે પગપાળા અંબાજી જઈ રહ્યા છે. આથી અંબાજી તરફ જતા માર્ગો પર પદયાત્રીઓ, સંઘોનો જયઅંબે, બોલ મારી અંબે જય જય અંબે, અંબાજી દૂર હે જાના જરૂર હે ના નારાથી માર્ગો ગુંજી ઉઠ્યા છે. મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ઘણી મોટી સંખ્યામાં ભાવિકજનો, સંઘો રથ તથા માની ધજા પતાકા સાથે, મહિલાઓ માથે ગરબો લઈને પગપાળા અંબાજી જવા નીકળ્યા છે. અત્યારે અંબાજી તરફના રસ્તાઓ પર ભક્તોની કતારો જોવા મળી રહી છે. અંબાજી જતા પદયાત્રિકો, સંઘોમાં જોડાયેલ ભક્તજનો શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉત્સાહ અને ઉમંગથી મા ના દર્શન કરવા જઈ રહ્યા છે. પદયાત્રિઓમાં ઉંચ નીચના કે નાત જાતના કોઈ જ ભેદભાવ જણાતા નથી. સૌ કોઈએ સાથે મળીને અંબાજીની વાટ પકડી છે.

મહેસાણાથી અંબાજી વાયા વિસનગર, ખેરાલુ, સતલાસણ, દાંતાના માર્ગ પર તેમજ મહેસાણાથી ઊંઝા, સિદ્ધપુર, વડગામ, જલોત્રા, દાંતાના માર્ગ પર ભક્તો સંઘોનો અવિરત પ્રવાહ શરૂ થયેલ છે. અંબાજી તરફ જતા વિવિધ માર્ગો પર ઠેર ઠેર યાત્રિકો, સંઘો માટે સેવાકેમ્પો ઉભા થયા છે. આ કેમ્પોમાં પદયાત્રિકોને પાણી, ચા, નાસ્તો, ભોજન, ગરમ પાણી, લીંબુ શરબત, રાત્રિ રોકાણ માટેની દાદ માગી લે તેવી વ્યવસ્થા યુવકમંડળો, ભક્તમંડળો, સેવાભાવી સંસ્થાઓએ સુંદર આયોજન કરેલ છે. સેવા કેન્દ્રોની સાથે માર્ગોમાં મેડીકલ કેમ્પો, છાશ કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા છે. સરકારી અને ખાનગી તબીબી અધિકારીઓની ટુકડીઓ યાત્રિકોને મેડીકલ સારવાર મળી રહે તે માટે કાર્યરત થઈ ગઈ છે.

કળિયુગમાં વાઘેશ્વરી મા અંબાનું ઘણું મહત્વ છે. ત્યારે અરવલ્લીની ગિરીકંદરામાં નવારૂપ કલેવર ધારણ કરેલ શક્તિપીઠ અંબાજીમાં ઘણી મોટી સંખ્યામાં યાત્રિકોની ભીડ ઉમટી છે. યાત્રિકોની સગવડ માટે એસ.ટી. તંત્રે એકસ્ટ્રા બસોનું સુંદર આયોજન કર્યુ છે.

## વડનગર ખાતે નવીન એસ.ટી. બસનું ખાતમુર્હૂત કરાશે

મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા વડનગર ખાતે જુના બસ સ્ટેશન તેમજ ડેપોની ખુલ્લી જગ્યામાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે રૂપિયા ૪૧૦ લાખના ખર્ચે નિર્માણ થનાર અદ્યતન પ્રકારના બસ સ્ટેશનનું ખાતમુર્હૂત નામા, આરોગ્ય તેમજ વાહન વ્યવહાર મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૭.૩૦ કલાકે થનાર છે.

# અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખનો તાજ કોના માથા પર મુકાશે તે માટે બેઠકોનો દોર શરૂ

મોડાસા, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જિલ્લો છૂટો પડ્યા બાદ અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખ માટેનો તાજ કોના શીરે મુકવો તે ભાજપ સંગઠન માટે મુશ્કેલીરૂપ બનતુ જાય છે. ખુબજ મહત્વની જવાબદારી ધરાવતું આ પદ માટે જૂના તથા નવા જોગીઓ પોતાની પસંદગી થાય તે માટે મેદાને પડ્યા છે અને અંદર ખાનગી રીતે છેક ગાંધીનગર સુધી લોબીંગ કરી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં ભાજપ પ્રમુખ તરીકે પૃથ્વીરાજભાઈ પટેલ છે પરંતુ સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લો અલગ પડ્યા બાદ નવા જિલ્લાના પ્રમુખની પસંદગીની પ્રક્રિયા આજ સુધી પુરી થઈ શકી નથી. કારણ કે અગાઉ સંગઠન તથા ભાજપમાં કામ કરી ચૂકેલા નાના-મોટા નેતાઓ આ પદ માટે દાવો કરી રહ્યા છે. આ પસંદગી વિલંબમાં મુકાઈ રહી છે. અરવલ્લી જિલ્લાના ભાજપ સંગઠન પ્રમુખ થવા માટે હોટ ફેવરીટ નામો અત્યારે સમગ્ર અરવલ્લી જિલ્લામાં ચાલી રહ્યા છે. તેમાં મોડાસા ભાજપ શહેર પ્રમુખ ધીરૂભાઈ પ્રજાપતિ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, મહેન્દ્રભાઈ પટેલના નામો મુખ્ય ચર્ચામાં છે. આમ રાજ્યના મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ કોને પસંદ કરે છે તે બાબત સમગ્ર મોડાસા શહેરમાં ચર્ચાઈ રહી છે.



ખેડબ્રહ્મા શહેરમાં ચાલી રહેલા ગણેશોત્સવમાં ૨૦ જેટલા સાર્વજનિક ગણેશ ઉત્સવ ઉજવાઈ રહ્યા છે. જેમાં ચોકમાં રોજ ભજન કિર્તન કરવામાં આવે છે. જ્યારે માણેક ચોકના મારૂતિ સેવા મંડળ અને સોની નવયુવક મંડળ દ્વારા રોજ છપ્પનભોગ ધરાવવામાં આવે છે. ભગવાનને મીઠાઈ, શુકામેવા, ફળફળાદીનો પણ ભોગ લગાવવામાં આવે છે. (તસવીર : રમેસ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# દૂધલી ગામના યુવાનની કુવામાંથી મળેલ મૃતદેહ અંગે હત્યાનો ગુનો નોંધાયો

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામના કુવામાંથી રવિવારે મનુભાઈ ઠાકરડાની મળી આવેલ મૃતદેહ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન આ વ્યક્તિની હત્યા થયાનું બહાર આવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળેલી વિગતોઅનુસાર દૂધલી ગામના મનુભાઈ અજમેલભાઈ ઠાકરડા ઉ.વ. ૩૦ ત્રણેક દિવસ અગાઉ ઘરેથી ચાલ્યા ગયા હતા. દરમિયાન રવિવારે બપોરે બાર વાગ્યાના સુમારે મેત્રાલ ગામના વિઠ્ઠલભાઈ રાગુભાઈ પટેલના કુવામાંથી મનુભાઈ ઠાકરડાની લાશ મળી આવી હતી. જે અંગે ગુંદેલ કંપાના પ્રતાપભાઈ સરદારભાઈ ઠાકરડાએ હોમાભાઈ અજમાલભાઈ ઠાકરડાની લાશ હોવાની જાણ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. પણ આ લાશ મનુભાઈ ઠાકરડાની હોઈ તથા તેના માથાના ભાગે તિક્ષ્ણ હથિયારથી ઈજાઓ તથા ચાદરથી ગળે ટુપો દીધાના નિશાન જોવા મળ્યા હતા. મનુભાઈ ઠાકરડાના નાના ભાઈ રાજુભાઈ અજમલભાઈ ઠાકરડાએ મનુભાઈને ત્રણ દિવસ ઉપર ગુંદેલી ગામના ફલજીભાઈ રાગુભાઈ પટેલના કુવાની ઓરડી ઉપર મટોડાના સુનીલભાઈના ચોકીદાર લાલસિંહ તથા શીવાભાઈ સીમ ચોકીદાર સાથે બેઠેલા જોયાનું ફરીયાદમાં જણાવાયું છે તેથી લાલસિંહ અને શીવાભાઈએ કોઈપણ કારણોસર તીક્ષ્ણ હથિયારથી માથાના ભાગે ઈજાઓ પહોંચાડી અને ચાદર વડે ગળે ટુપો દઈ મોત નિપજાવી ઘોડાથી ખેંચી વિઠ્ઠલભાઈ પટેલના કુવામાં મૃતદેહ નાખી દીધાનું પણ ફરીયાદમાં જણાવાયું છે.

આ અંગે મરણ જનારના કાકા દૂધલી ગામના પ્રતાપભાઈ ધુળાભાઈ ઠાકરડાએ લાલસિંહ તથા શીવાભાઈ ચોકીદાર વિરૂદ્ધ કેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંદી વધુ તપાસ પી.એસ.આઈ. ડી.ડી. ચાવડા ચલાવી રહ્યા છે.

## પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલના ઉત્તીર્ણ બાળકોનો સન્માન સમારંભ યોજાયો

પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ સત્કાર્ય સમિતિ દ્વારા આયોજિત શાળાની ભૂ.પૂ. વિદ્યાર્થી સ્વ.કુ. પાયલ પરીખની ૨૦મી પુણ્યતિથિ નિમિત્તે ગત વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૯ થી ૮ના દરેક વર્ગમાં એકથી ત્રણ નંબરોમાં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી તારલાઓને ઈનામ સન્માન તથા ૨૦૧૩ની એસ.એસ.સી. પરીક્ષામાં પ્રથમ આવનારને સ્વ. સુલામીયા કસ્બાતી મેરીટ પ્રાઈઝ અર્પણ કરવાનો ભવ્ય કાર્યક્રમ તા. ૧૪મી ના રોજ અવરઓન હાઈસ્કુલમાં શ્રેયસ ટ્રસ્ટના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી તેમજ નિત્યાનંદ બ્રહ્મભટ્ટ તેમજ અરવિંદભાઈ કોઠારીના સાંનિધ્યમાં યોજાયો હતો.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ ગજાનંદ સોસાયટીમાં રહેતા પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના નિવાસસ્થાને ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં સતત નવ દિવસ દરમિયાન પૂજા-અર્ચના અને મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. અને આજે ગણેશ વિસર્જન નિમિત્તે ધારાસભ્યોના નિવાસસ્થાનેથી ભવ્ય વિસર્જન શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને ત્યારબાદ દુંદાળા દેવ ગણપતિની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| વરીયાળી | ૮૧૫ | ૧૩૬૧ |
| બંટી | ૩૦૫ | - |
| રાયડો | ૫૮૦ | ૬૩૫ |
| એરંડા | ૬૮૦ | ૭૧૯ |
| ઘઉં | ૩૦૬ | ૩૭૦ |
| જુવાર | ૨૦૦ | ૨૭૮ |
| બાજરી | ૨૧૦ | ૨૬૪ |
| ગવાર | ૧૨૬૦ | ૧૪૬૫ |

**તલોદ**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૩ | ૭૧૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૩ |
| મગ | ૯૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૨૧૦ | ૨૮૯ |
| ગવાર | ૧૨૧૧ | ૧૪૭૮ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૪૦ |
| ડાંગર જ્યા | ૨૭૫ | ૩૩૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૫૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૫ |
| મકાઈ | ૨૯૦ | ૨૯૪ |
| એરંડા | ૬૮૮ | ૭૦૬ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૬ |
| બાજરી | ૧૯૫ | ૨૫૮ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૩૫ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૯૨ |
| બાજરી | ૨૫૦ | ૩૦૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૧ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૫ | ૨૬૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૨ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૨ | ૭૦૯ |
| ગવાર | ૧૪૦૯ | ૧૪૧૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૨૬૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૯૯ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૭ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર | ૨૫૦ | ૩૩૦ |
| રાયડો | ૫૨૦ | ૫૯૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૩૧૦ | ૩૭૬ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૬૫ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૫૦૫ | ૫૯૦ |
| તલ | ૧૬૦૦ | ૧૭૨૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૧૬ |
| તુવેર | ૬૬૦ | ૭૦૫ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૨ |
| ડાંગર | ૨૧૦ | ૨૬૦ |

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૨૬૫ | ૧૪૨૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૮૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મગ | ૮૭૨ | - |
| જવ | ૨૨૫ | - |
| રાયડો | ૫૯૫ | ૬૨૮ |
| એરંડા | ૬૯૦ | ૭૧૫ |
| ગવાર | ૧૩૦૩ | ૧૫૦૦ |
| ઘઉં | ૨૬૨ | ૩૬૫ |
| બાજરી | ૧૯૦ | ૨૭૨ |
| ચોરા | ૭૪૧ | - |
| જુવાર | ૨૦૦ | - |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૯૦ | ૨૮૭૨ |
| વરીયાળી | ૭૦૦ | ૨૧૫૦ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૪૧૧ |
| સરસવ | ૬૪૦ | ૭૬૦ |
| રાયડો | ૫૭૫ | ૬૪૧ |
| મેથી | ૫૨૧ | ૫૩૯ |
| તલ | ૨૧૦૦ | ૨૨૭૫ |
| સવા | ૬૪૦ | ૭૬૦ |
| અજમો | ૮૦૦ | ૧૧૮૧ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૮ |
| બાજરી | ૨૦૦ | ૨૯૫ |
| રાયડો | ૫૬૦ | ૬૩૧ |
| એરંડા | ૭૦૦ | ૭૨૬ |
| કપાસ | ૯૫૧ | ૧૧૫૧ |
| મગ | ૯૯૦ | - |
| ગવાર | ૧૨૦૧ | ૧૪૮૪ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ચોખા | ૪૨૫ | ૯૨૫ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૫૫ |
| જીરૂ | ૨૩૭૨ | ૨૪૬૪ |
| રાયડો | ૫૪૫ | ૬૦૪ |
| જવ | ૨૪૬ | ૨૬૦ |
| વરીયાળી | ૭૦૦ | ૯૧૧ |
| બાજરી | ૨૧૫ | ૨૬૯ |
| એરંડા | ૬૯૯ | ૭૦૯ |
| અજમો | ૮૨૬ | ૯૮૫ |
| ગવાર | ૧૨૭૫ | ૧૪૩૬ |
| બંટી | ૩૨૦ | - |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૨૫ |
| બાજરી | ૨૧૦ | ૨૫૫ |
| રાયડો | ૫૮૦ | ૬૦૩ |
| એરંડા | ૬૦૯ | ૭૦૭ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૩૦૬ |
| એરંડા | ૭૦૬ | ૭૦૭ |
| બાજરી | ૨૪૩ | ૨૫૦ |
| ગવાર | ૧૩૯૧ | - |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૦ |
| એરંડા | ૬૯૦ | ૭૧૩ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૪૭૭ |
| અડદ | ૪૦૦ | ૬૭૧ |
| મગ | ૮૦૦ | ૧૦૨૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| સવા | ૬૦૦ | ૬૭૫ |
| બંટી | ૨૪૬ | ૨૭૧ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| એરંડા | ૭૦૪ | ૭૧૪ |
| બાજરી | ૨૨૫ | ૨૭૦ |
| રાયડો | ૬૦૭ | ૬૧૪ |
| ડાંગર | ૨૬૦ | ૩૫૦ |
| ગવાર | ૧૪૯૦ | ૧૫૨૬ |
| જુવાર | ૩૧૦ | ૩૩૬ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૫૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૫૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન